મહિલા ટી-20 : ભારતે શ્રીલંકા સામે 176 રનનો લક્ષ્યાંક મૂક્યો

હરમનપ્રીતની આક્રમક અડધી સદી અને અરુંધતીની છેલ્લી ઓવરોમાં ફટકાબાજીથી ભારત સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચી શક્યું

તિરુવનંતપુરમ, તા. 30 (પીટીઆઈ): કેપ્ટન હરમનપ્રીત કૌરની લડાયક અડધી સદીની મદદથી ભારતે મંગળવારે અહીં રમાયેલી પાંચમી અને અંતિમ મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે સાત વિકેટે 175 રન બનાવ્યા.

હરમનપ્રીતે 43 બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 68 રન બનાવ્યા. તેણે અમનજોત કૌર (21) સાથે છઠ્ઠી વિકેટ માટે 61 રન ઉમેરીને ભારતને પડકારજનક સ્કોર સુધી પહોંચાડ્યું. અરુંધતી રેડ્ડીએ અંતે 11 બોલમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ 27 રન બનાવ્યા.

શ્રીલંકા તરફથી, કવિશા દિલહારી (11 રનમાં 2), કેપ્ટન ચમારી અટાપટ્ટુ (21 રનમાં 2) અને રશ્મિકા સેવાંડીએ (42 રનમાં 2) બે-બે વિકેટ લીધી.

ભારત સિરીઝમાં 4-0 થી આગળ છે અને ક્લીન સ્વીપ પર નજર રાખી રહ્યું છે.

એક સમયે ભારતીય ટીમ 10 ઓવરમાં 5 વિકેટે 77 રન પર હતી. છેલ્લે અરુંધતીની આક્રમક ઈનિંગની મદદથી ભારત સ્પર્ધાત્મક સ્કોર સુધી પહોંચી શક્યું.

આ પહેલાં ચમારીએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી, ભારતે બીજી ઓવરમાં ઈન-ફોર્મ શેફાલી વર્માની (05) વિકેટ ગુમાવી હતી. ડેબ્યુ કરી રહેલી ઓપનર જી. કમાલિની (12) અને હરલીન દેઓલે મલ્કી મદારા અને નિમાશા મીપેજના બોલ પર ચોગ્ગા ફટકાર્યા. કવિશાએ કમલિનીને આઉટ કરી ભારતની બીજી વિકેટ પાડી હતી.

હરમનપ્રીતે આઠમી ઓવરમાં ઈનોકા રણવીરાના બોલ પર ત્રણ ચોગ્ગા ફટકારીને ટીમની અડધી સદી પૂરી કરી પરંતુ ઋચા ઘોષ માત્ર પાંચ રન બનાવીને ચમારીના બોલ પર વિકેટકીપર કૌશિની નુથ્યાંગનાના હાથે કેચ આઉટ થઈ હતી.

વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપ: એરિગૈસીએ કાર્લસનને હરાવ્યો

સ્પર્ધાના પ્રથમ દિવસે એરિગૈસી સંયુક્ત રીચે ટોચના સ્થાને

દોહા, તા. 30 (પીટીઆઈ): ભારતના ટોચના ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ પોતાની મજબૂત એન્ડગેમ અને ઝડપી ગણતરી કૌશલ્યનું શાનદાર પ્રદર્શન કર્યું અને વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવીને વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપના પહેલા દિવસે સંયુક્ત લીડ મેળવી.

ત્યારબાદ એરિગાઇસીએ બીજા ટોચના ગ્રાન્ડમાસ્ટર, નોડિરબેક અબ્દુસત્તોરોવને હરાવ્યો અને ત્રણ અન્ય ગેમ ડ્રો કરી. આમ એરિગૈસીએ પ્રથમ દિવસે 10 પોઈન્ટ મેળવ્યા, જેનાથી તે મેક્સિમ વાચિયર-લેગ્રેવ અને અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆના સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને રહ્યો.

એરિગૈસીએ શાનદાર રમત રમી, જ્યારે કાર્લસન નવમા રાઉન્ડમાં તણાવપૂર્ણ એન્ડગેમ હારી ગયો.

ટોચના સ્થાન પર રહેલા ખેલાડીઓની પાછળ 9.5 પોઈન્ટ સાથે છ ખેલાડીઓ બીજા સ્થાને છે. વર્લ્ડ બ્લિટ્ઝ 2024ના સહ-ચેમ્પિયન કાર્લસન અને ઇયાન નેપોમ્નિયાચ્ચીના નવ પોઈન્ટ છે.

જોકે મહિલા વર્ગમાં રેપિડ વર્ગમાં બ્રોન્ઝ જીતનાર કોનેરુ હમ્પી (61મા સ્થાને), મહિલા વર્લ્ડકપ વિજેતા દિવ્યા દેશમુખ (30મા સ્થાને) અને ડી હરિકા અને આર વૈશાલી (31મા સ્થાને) ટોચના સ્થાને પહોંચવામાં નિષ્ફળ ગઈ હતી.

કાર્લસને ફરી ગુસ્સામાં ટેબલ પર હાથ પછાડ્યો

એરિગૈસી પાસે ફક્ત નવ સેકન્ડ બાકી હતી, જ્યારે કાર્લસન પાસે ત્રણ સેકન્ડ હતી. નોર્વેનો ખેલાડી કાર્લસન ક્વીનને ખસેડવાનો હતો ત્યારે મોહરો તેના હાથમાંથી નીચે પડી ગયો જ્યારે તેણે ક્વીન ઉંચકીને બોર્ડ પર મૂકી તેનો સમય પૂરો થઈ ગયો હતો, આ ઘટનાક્રમથી કાર્લસન ગુસ્સે થયો હતો અને તેણે ટેબલ પર જોરથી મુક્કો માર્યો હતો અને ટેબલને હલાવી દીધું હતું, જોકે એરિગૈસી તેનાથી વિચલિત થયો ન હતો. ઉલ્લેખનીય છે કે કાર્લસને આ જ વર્ષે નોર્વે ચેસ કમ્પીટીશનમાં ભારતના ડી ગુકેશ સામે હાર્યા બાદ આ જ રીતે ટેબલ પર મુક્કો માર્યો હતો.

ઈંગ્લેન્ડે ટી-20 વર્લ્ડકપ માટે સંભવિત ટીમ જાહેર કરી

જોફ્રા આર્ચર ઈજા થઈ હોવા છતાં T20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની સંભવિત ટીમમાં સામેલ

હેરી બ્રુક કેપ્ટન, જોશ ટંગને પણ સામેલ કરાયો

લંડન, તા. 30 (પીટીઆઈ): ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને એડિલેડમાં ત્રીજી એશિઝ ટેસ્ટમાં ઈજા થઈ હોવા છતાં, આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાનાર T20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની 15 સભ્યોની સંભવિત ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

એડિલેડ ટેસ્ટ દરમિયાન આર્ચરને ડાબા હેમસ્ટ્રિંગમાં દુખાવો થયો હતો, જેના કારણે તે આગામી બે ટેસ્ટમાંથી બહાર થઈ ગયો હતો. અન્ય એક ફાસ્ટ બોલર, જોશ ટંગને હેરી બ્રુકની કેપ્ટનશીપ હેઠળની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેણે મર્યાદિત ઓવરના ક્રિકેટમાં હજુ સુધી એક પણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી.

જોકે, આર્ચર 22 જાન્યુઆરીથી શરૂ થનારી શ્રીલંકા સામેની ત્રણ વનડે અને એટલી જ T-20 આંતરરાષ્ટ્રીય મેચો રમી શકશે નહીં, એમ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે (ECB) એક નિવેદનમાં જણાવ્યું હતું.

ઈંગ્લેન્ડ 8 ફેબ્રુઆરીએ મુંબઈમાં નેપાળ સામે T20 વર્લ્ડકપ અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ વેસ્ટઈન્ડિઝ (11 ફેબ્રુઆરીએ મુંબઈમાં), બાંગ્લાદેશ (14 ફેબ્રુઆરીએ કોલકાતામાં) અને ઇટાલી (16 ફેબ્રુઆરીએ કોલકાતામાં) સામે મેચ રમશે.

T-20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની સંભવિત ટીમઃ હેરી બ્રુક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, સેમ કરન, લિયામ ડૉસન, બેન ડકેટ, વિલ જેક્સ, જેમી ઓવરટન, આદિલ રાશીદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ.

પાકિસ્તાન બોર્ડે સમય પહેલાં ટેસ્ટ ટીમના મુખ્ય કોચને હરાવ્યો

કોચ અઝહર મહમૂદ સાથે પીસીબીના કરારની મુદત માર્ચ 2026માં પૂરી થવાની હતી

લાહોર, તા. 30 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) રાષ્ટ્રીય ટેસ્ટ ટીમના મુખ્ય કોચ અઝહર મહમૂદ સાથે તેમના કરારની મુદત પૂરી થવાના ત્રણ મહિના પહેલા જ અલગ થવાનો નિર્ણય લીધો છે. ભૂતપૂર્વ ટેસ્ટ ઓલરાઉન્ડર અઝહરનો કરાર માર્ચ 2026 સુધીનો હતો, પરંતુ તેને સમય પહેલા જ દૂર કરવામાં આવ્યો છે. બોર્ડના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની આગામી ટેસ્ટ મેચ માર્ચ 2026માં યોજાવાની છે, તેથી PCB હમણાંથી જ નવા મુખ્ય કોચ માટે રણનીતિ તૈયાર કરવા માગે છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે PCBએ ટેસ્ટ ટીમ માટે નવા મુખ્ય કોચની શોધ શરૂ કરી દીધી છે અને સપોર્ટ સ્ટાફમાં પણ ફેરફાર શક્ય છે. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ પાકિસ્તાનનું આગામી ચક્ર માર્ચ 2026માં બાંગ્લાદેશના પ્રવાસથી શરૂ થશે, ત્યારબાદ જુલાઈમાં વેસ્ટ ઈન્ડિઝ અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ થશે.

એલિસ પેરી, અનાબેલ સધરલેન્ડે WPLમાંથી નામ પાછું ખેંચ્યું

આવતા અઠવાડિયે WPL શરૂ થવાની છે ત્યારે આરસીબી અને દિલ્હીને મોટો આંચકો

યુપી વોરિયર્સની ફાસ્ટ બોલર તારા નોરીસે પણ રાષ્ટ્રીય ટીમમાં સામેલ થવાના કારણે મહિલા લીગ છોડી

મુબઈ, તા. 30 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની (RCB) ઓલરાઉન્ડર એલિસ પેરી અને દિલ્હી કેપિટલ્સની અનાબેલ સધરલેન્ડે મંગળવારે વ્યક્તિગત કારણોસર આગામી મહિને યોજાનારી મહિલા પ્રીમિયર લીગમાંથી (WPL) પોતાનું નામ પાછું ખેંચી લીધું છે.

WPLના એક નિવેદન મુજબ, ભારતીય ઓલરાઉન્ડર સયાલી સતઘરે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર પેરીની જગ્યાએ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ટીમમાં સામેલ થશે, જ્યારે તેના જ દેશની ઓલરાઉન્ડર સધરલેન્ડની જગ્યાએ દિલ્હી કેપિટલ્સે ઓસ્ટ્રેલિયન લેગ-સ્પિનર અલાના કિંગને કરારબદ્ધ કર્યા છે. સયાલી સતઘરેને તેની બેઝ પ્રાઈસ રૂ. 30 લાખ પર આરસીબીમાં સામેલ કરાઈ છે.

'ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એલિસ પેરી (રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ) અને અનાબેલ સધરલેન્ડે (દિલ્હી કેપિટલ્સ) વ્ય ક્તિ ગત કારણોસર લીગની આગામી સીઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે', એમ નિવેદનમાં કહેવાયું હતું.

અલાના કિંગને તેની બેઝ પ્રાઈસ રૂ. 60 લાખ પર દિલ્હીની ટીમમાં સામેલ કરાઈ છે. બીજી બાજુ યુપી વોરિ ય ર્સની ડાબોડી ફાસ્ટ બોલર તારા નૉરીસે (અમેરિકન ખેલાડી) પણ લીગમાંથી નામ પાછું ખેંચી લીધું છે તેને મહિલા ટી-20 વર્લ્ડકપ માટે અમેરિકાની ટીમમાં સામેલ કરાઈ છે. તારાની જગાયાએ પણ ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર ચાર્લી નૉટને ટીમમાં સામેલ કરાઈ છે. તેને બેઝ પ્રાઈસ રૂ. 10 લાખ પર કરારબદ્ધ કરાઈ છે.

ડબ્લુપી એ લની ચોથી સિઝન 9 જાન્યુઆરીથી 5 ફેબ્રુઆરી સુધી નવી મુંબઈ અને વડોદરામાં બે તબક્કામાં આયોજિત કરાશે.

સુડોકુ - ૧૪૪૭

૭	૩		૧		૪	૫	૯	૨
		૪	૩			૭	૧	
૧	૫		૭			૩		
	૮				૭	૪		૫
૩	૯	૨	૪	૫				
૪	૭	૫	૬		૩			૯
	૬						૫	૭
૫		૭		૩	૬	૯	૨	
૨	૪			૭			૬	૩

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૬	૭	૮	૩	૫	૨	૧	૪
૨	૯	૩	૬	૭	૧	૩	૮	૫
૩	૮	૫	૨	૯	૪	૬	૭	૧
૭	૩	૧	૯	૬	૮	૫	૪	૨
૮	૩	૬	૭	૨	૧	૪	૫	૯
૫	૨	૯	૩	૪	૫	૧	૬	૮
૨	૭	૯	૧	૮	૨	૬	૩	૫
૧	૬	૩	૫	૭	૯	૮	૨	૬
૯	૫	૮	૨	૬	૩	૭	૧	૩

૦૮૨૩-૨૬૬૭ ફ્રીડ્રિ

શબ્દગુંફન - ૭૧૩૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. પંખીઓમાં મોખરાનું ગાયક પક્ષી (૪)
૪. ખુશબો, સુગંધ (૩)
૭. મોંલૂછણિયું (૩)
૮. એક નળાકાર વાસણ (૩)
૧૦. નવું, નવલું (૪)
૧૨. એક સૂકો મેવો (૨)
૧૩. રસ્તો, રાહ (૨)
૧૪. અનુકરણ (૩)
૧૬. સિંહ (૪)
૧૮. ફરિયાદ, ન્યાય (૨)
૧૯. ''જીને કી... એક ફિલ્મ (૨)
૨૦. રાજા (૨)
૨૨. નમ્રતા, નરમાશ (૫)
૨૫. હોડ, કરાર, બોલી (૩)
૨૮. નુકસાન (૨)
૨૯. એક સરખું (૪)
૩૨. કુસ્તીબાજ (૨)
૩૩. ઘોડો (૨)
૩૪. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૩૫. નકામું, બાદ કરેલું (૨)

ઊભી ચાવી
૨. સંતોષ (૩)
૩. અગત્ય, જરૂરિયાત (૩)
૪. મંદ સ્મિત (૪)
૫. પ્યાલો (૨)
૬. ભરેલું નહિ એવું (૨)
૯. વાક્ય,આદેશ (૩)
૧૦. આકાશ (૨)
૧૧. સૂર્ય (૩)
૧૩. પીડા, કંટાળેલું (૨)
૧૪. મોટી નદી (૨)
૧૫. થોડા વાળની સેર (૨)
૧૬. વહેવું તે, વહેણ (૩)
૧૭. રાજાને કરાતું સંબોધન (૩)
૧૮. રમતમાં આવતો વારો (૨)
૨૦. મસાલામાં વપરાતું એક વસાણું (૨)
૨૧. એક રૂપાળું પંખી (૨)
૨૩. ચિંતન (૩)
૨૪. ગાયન ના ઠોકનું માપ (૨)
૨૫. એક ગ્રહ (૨)
૨૬. એકાગ્ર, લીન (૩)
૨૭. રોષ, ગુસ્સો (૨)
૨૮. અવસ્થા, સ્થિતિ (૨)
૩૦. ગૌરવ યુક્ત (૨)
૩૧. તંતુ, દોરો (૨)
૩૨. અભિપ્રાય (૨)
૩૩. મર્યાદા, સીમા (૨)



૯૯૧૭ - ૨૬૬૧ ફ્રીડ્રિ૩૦૨૬

અનુસંધાન ... પાના પહેલાનું

UAEથી શસ્ત્રોનું...

ખેંચવાની માંગ કરી હતી. યુએઈએ અલગથી સંયમ અને શાણપણ રાખવાની હાકલ કરી હતી, જ્યારે તેની સામેના રિયાધના આરોપોનો વિરોધ કર્યો હતો. જો કે તેણે એવું કહ્યું ન હતું કે તે માંગણી મુજબ યમનમાંથી પાછા ખેંચશે. આ મુકાબલાથી યમનના દાયકા લાંબા યુદ્ધમાં એક નવો મોરચો ખુલવાનો ભય ઉભો થયો છે અને તેનાથી સાઉદી અરેબિયા અને યુએઈ વચ્ચેના સંબંધોમાં વધુ તણાવ સર્જાયો છે જે અરબી દ્વીપકલ્પ પરના પડોશી રાષ્ટ્રો છે અને આર્થિક મુદ્દાઓ અને પ્રદેશના રાજકારણ પર, ખાસ કરીને વિશાળ લાલ સમુદ્ર ક્ષેત્રમાં તેમની વચ્ચે સ્પર્ધા વધી રહી છે. એક કહેવાય છે કે યુએઇના ફુજેઇરા બંદરેથી એક જહાજ શસ્ત્રો અને વાહનો લઈને યમનના મુકાલ્લા બંદર પર આવ્યું હતું. યુએઈએ કહ્યું હતું કે તેણે કોઈ શસ્ત્રો મોકલ્યા નથી અને પોતે દળો પાછા ખેંચે છે જેની સાઉદી અરેબિયાને જાણ છે જ. સાઉદી અરેબિયા અને યુએઈ વચ્ચે લાંબા સમયથી ગાઢ સંબંધો છે પણ તાજેતરના વર્ષોમાં તેમની વચ્ચે સ્પર્ધા પણ વધી છે.

અમેરિકન થિંક ટેન્કની...

હતો. ભારતે 22 એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બદલામાં ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જે દરમિયાન પાકિસ્તાનમાં અનેક આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ સંઘર્ષ પછીથી ભારતીય અને પાકિસ્તાની સૈન્યની સંડોવણી સુધી વધ્યો.

સંરક્ષણ દળના વડા અસીમ મુનીરના નેતૃત્વમાં પાકિસ્તાની સેના સતત યુદ્ધની તૈયારી કરી રહી છે. વધુમાં, ગુપ્તચર માહિતી સૂચવે છે કે આ શિયાળામાં જમ્મુ ક્ષેત્રમાં 30 થી વધુ પાકિસ્તાની આતંકવાદીઓ સક્રિય છે. પરિણામે, ભારતે પણ આ વિસ્તારમાં સુરક્ષા મજબૂત બનાવી છે. પાકિસ્તાને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (PoK) માં અનેક આતંકવાદી લોન્ચપેડ ફરીથી સક્રિય કર્યા છે. આ લોન્ચપેડમાંથી ડઝનબંધ આતંકવાદીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાની તૈયારી કરી રહ્યા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ અમલમાં હોવા છતાં, સરહદ પર તણાવ ચાલુ છે. બંને દેશોએ શસ્ત્રોની ખરીદી ઝડપી બનાવી છે. ભારતે તાજેતરમાં ડ્રોન, હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો અને માર્ગદર્શિત બોમ્બ ખરીદવા માટે 79,000 કરોડના સોદાને મંજૂરી આપી છે. તેવી જ રીતે, પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન પોતાની ખામીઓને દૂર કરવા માટે ઘણા દેશો પાસેથી શસ્ત્રો પણ ખરીદ્યા છે. પાકિસ્તાને મુખ્યત્વે ચીન અને તુર્કી જેવા દેશો પાસેથી લશ્કરી શસ્ત્રો ખરીદ્યા છે.

સલમાનની 'બેટલ ઓફ...

સૈનિકો વચ્ચે થયેલી અથડામણ પર આધારિત છે.

આ ફિલ્મ અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત છે અને તેમાં ઝેન શો, અંકુર ભાટિયા અને વિપિન ભારદ્વાજ સાથે મુખ્ય મહિલા ભૂમિકામાં ચિત્રાંગદા સિંહ પણ છે. ફિલ્મમાં, સલમાન ખાન 16 બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા ભજવે છે, જે પીપલ્સ લિબરેશન આર્મી (PLA) સૈનિકોની ઘૂસણખોરી સામે લડતા મૃત્યુ પામ્યા હતા. ચીનના સરકાર સંચાલિત અખબાર, ગ્લોબલ ટાઈમ્સમાં એક લેખમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલી જૂન 2020 ની અથડામણની ઘટનાઓ તથ્યો સાથે મેળ ખાતી નથી. કહેવાતા નિષ્ણાતોને ટાંકીને, આ અહેવાલમાં 'બેટલ ઓફ ગલવાન'ને 'ઓવર-ધ-ટોપ' ફિલ્મ તરીકે વિવાદાસ્પદ રીતે ફગાવી દેવામાં આવી છે, સંતોષ બાબુની બલિદાન બહાદુરીને કહેવાતી મહત્વની ભૂમિકા તરીકે ફગાવી દેવામાં આવી છે.

ફિલ્મ એક કલાત્મક અભિવ્યક્તિ છે અને ભારતમાં તેની છૂટ છે: ભારત સરકાર

બેટલ ઓફ ગલવાનની ચીની મીડિયાએ કરેલી ટીકાને ભારત સરકાર અને બોલીવુડના ફિલ્મ નિર્માતાઓએ અયોગ્ય ગણાવીને તેની ઝાટકણી કાઢી છે. ફિલ્મ નિર્માતા અશોક પંડિતે નોંધ્યું હતું કે એક રાષ્ટ્ર તરીકે આપણે એક મજબૂત રાષ્ટ્ર છીએ, અને આપણા સુરક્ષા દળો દેશ માટે લડવા માટે ખરેખર બહાદુર છે. તેથી તે મૂળભૂત રીતે એક પ્રકારની અસુરક્ષા છે જે ગ્લોબલ ટાઇમ્સ અનુભવે છે. અભિનેતા અને નિર્માતા રાહુલ મિત્રાએ પણ આ વિવાદ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે ગ્લોબલ ટાઇમ્સની પ્રતિક્રિયા આશ્ચર્યજનક નહોતી, કારણ કે તે "સરકારી મુખપત્ર" છે. અપૂર્વ લાખિયા અને સલમાન ખાન જેવા લોકો, તેઓ જાણીતા નામો છે; મને નથી લાગતું કે તેઓ ફક્ત ફિલ્મ બનાવવા માટે હકીકતોને વિકૃત કરવા માટે કંઈપણ બનાવશે એમ મિત્રાએ કહ્યું હતું. સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે ફિલ્મમાં સરકારની કોઈ ભૂમિકા નથી અને જેમને ફિલ્મ અંગે ચિંતા છે તેઓ સ્પષ્ટતા માટે ભારતના સંરક્ષણ મંત્રાલયનો સંપર્ક કરી શકે છે. ભારત એક એવો દેશ છે જ્યાં અભિવ્યક્તિની સ્વતંત્રતા છે, અને સિનેમેટિક અભિવ્યક્તિ તેનો અભિન્ન ભાગ છે. ભારતીય ફિલ્મ નિર્માતાઓ આ કલાત્મક સ્વતંત્રતા મુજબ ફિલ્મો બનાવવા માટે સ્વતંત્ર છે.

ખાલેદા ઝિયા માટે...

જેમણે તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન બાંગ્લાદેશ અને ચીન વચ્ચેના સંબંધોને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઢાકા સ્થિત અમેરિકી દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ઝિયાએ બાંગ્લાદેશના આધુનિક ઇતિહાસને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને તેમના નેતૃત્વએ દેશના વિકાસ અને પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું કે તેઓ ઝિયાના અવસાનથી ખૂબ દુઃખી છે, તેમણે તેમને એક એવા નેતા તરીકે વર્ણવ્યા જેમની બાંગ્લાદેશ પ્રત્યેની આજીવન સેવા એક સ્થાયી વારસો છોડી ગઈ. પ્રમુખ આસિફ ઝરદારીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ઝિયાના નેતૃત્વ અને સેવાઓને આદર સાથે યાદ કરવામાં આવશે. ઢાકા સ્થિત જર્મન દૂતાવાસે એક નિવેદનમાં કહ્યું કે ઝિયાએ તેમના લાંબા જાહેર કારકિર્દી દરમિયાન બાંગ્લાદેશના રાજકીય પરિદૃશ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સંયુક્ત રાષ્ટ્રએ એક શોક સંદેશમાં ઝિયાના મૃત્યુ પર ઊંડી સંવેદના વ્યક્ત કરી, તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને બાંગ્લાદેશ સાથે ઐક્યની પુષ્ટિ કરી હતી. એક શોક સંદેશમાં, ઢાકા સ્થિત બ્રિટિશ હાઈ કમિશને આ ખૂબ જ દુઃખદ સમયે ઝિયાના પરિવાર, મિત્રો અને બાંગ્લાદેશના લોકો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી. યુરોપિયન યુનિયન (EU)એ પણ ભૂતપૂર્વ વડા પ્રધાનના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો, બાંગ્લાદેશના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

બાંગ્લાદેશના માજી...

લીધા હતા. ઝિયાના પરિવારના સભ્યો, જેમાં તેમના મોટા પુત્ર તારિક રહેમાન, તેમની પત્ની ઝુબૈદા રહેમાન અને તેમની પુત્રી ઝૈમાનો સમાવેશ થાય છે, તેઓ હોસ્પિટલમાં હાજર હતા. બીએનપીના મહાસચિવ મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીર પણ હોસ્પિટલમાં હતા.

તેમના પક્ષે જણાવ્યું હતું કે તેમનું સ્થાનિક સમય મુજબ સવારે ૬:૦૦ વાગ્યે, ફજરની નમાઝ પછી અવસાન થયું હતું. કાયદા સલાહકાર આસિફ નઝરુલે જણાવ્યું હતું કે, ઝિયાના અંતિમ સંસ્કાર બુધવારે ઝોહરની નમાજ પછી સંસદના સાઉથ પ્લાઝા અને બાજુના માણિક મિયા એવન્યુમાં કરવામાં આવશે. સરકારી અતિથિ ગૃહ જમુના ખાતે વચગાળાની સરકારની સલાહકાર પરિષદની ખાસ બેઠક બાદ નઝરુલે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમને ઢાકાના શેર-એ-બાંગ્લા નગરમાં ઝિયા ઉદ્યાનમાં તેમના પતિ, ભૂતપૂર્વ પ્રમુખ અને બીએનપીના સ્થાપક ઝિયાઉર રહેમાનની કબર પાસે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે દફનાવવામાં આવશે. રાષ્ટ્રને ટેલિવિઝન સંબોધનમાં, મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે ત્રણ દિવસના સરકારી શોક અને એક દિવસની સામાન્ય રજાની જાહેરાત કરી હતી.

લાંબા ગાળાનો વિકાસ...

સમીરન ચક્રવર્તી, રાહુલ હકમંજોરી, મોનકાન્ત દશ અને મોનકાન્ત દાશ સહિત ઘણા જાણીતા અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતો ચર્ચામાં હાજર હતા.

ભારત વિશ્વનું ચોથું...

2025 માટેનો તેનો અંદાજ વધારીને 7.2 ટકા કર્યો છે; અને ફિચે મજબૂત ગ્રાહક માંગને કારણે FY26 માટેનો તેનો અંદાજ 7.4 ટકા કર્યો છે.

"ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને આ ગતિને ટકાવી રાખવા માટે સારી સ્થિતિમાં છે. 2047 સુધીમાં - તેની સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ સુધીમાં - ઉચ્ચ મધ્યમ આવકનો દરજ્જો પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા સાથે, દેશ આર્થિક વિકાસ, માળખાકીય સુધારા અને સામાજિક પ્રગતિના મજબૂત પાયા પર નિર્માણ કરી રહ્યો છે," સરકારે જણાવ્યું હતું.

આ પ્રકાશનમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે ફુગાવો નીચા સહનશીલતા થ્રેશોલ્ડથી નીચે રહે છે, બેરોજગારી ઘટી રહી છે, અને નિકાસ કામગીરીમાં સુધારો ચાલુ છે.

વધુમાં, નાણાકીય પરિસ્થિતિઓ સૌમ્ય રહી છે, વાણિજ્યિક ક્ષેત્રમાં મજબૂત ધિરાણ પ્રવાહ છે, જ્યારે માંગની સ્થિતિ મજબૂત રહી છે, જે શહેરી વપરાશમાં વધુ મજબૂતાઈ દ્વારા સમર્થિત છે.

પ્રિયંકા ગાંધીના પુત્ર...

એક ઉદ્યોગપતિ છે, અને તેની માતા, નંદિતા બેગ, એક ઇન્ટિરિયર ડિઝાઇનર છે. પ્રિયંકા ગાંધી વાડ્રા અને નંદિતા બેગ જૂના મિત્રો હોવાનું કહેવાય છે; નંદિતા બેગે પ્રિયંકા ગાંધીને કૉંગ્રેસના મુખ્યાલય, ઇન્દિરા ભવનના આંતરિક ડિઝાઇનમાં મદદ કરી હોવાનું કહેવાય છે. જોકે, બંને પરિવારે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ તૈયારીઓ ચાલી રહી હોવાનું માનવામાં આવે છે.

દિલ્હી ડાયરી...

કહ્યું, કે, બંને ફરિયાદોની તપાસ કરવામાં આવી રહી છે.

બોત્સ્વાનાના પ્રતિનિધિમંડળે કુનો રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લીધી

બોત્સ્વાનાના ત્રણ સભ્યોના સત્તાવાર પ્રતિનિધિમંડળે, જેમાં પશુચિકિત્સા, વન્યજીવન અને ઇકોલોજી નિષ